અર્હં નમઃ
આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ
જૈનં જયતિ શાસનમ્

# સંયમની સુવાસ

: સંપાદક :
પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

* * *

1. ૧. સાધ્વીજી મહાનંદાશ્રીજીના શાશ્વત સુખદાયક સંયમ જીવનની ઝલક
2. ૨. ગુરુવંદન વિધિ
3. ૩. ચૈત્યવંદન વિધિ
4. ૪. પ્રભુ સમક્ષ બોલવાની સ્તુતિ
5. ૫. પાણી ઊકળેલું ક્યારે ગણાય ?
6. ૬. સ્વપ્ન શાસ્ત્ર
7. ૭. માનવ શરીરનાં લક્ષણ

: પ્રકાશક :
જયપાલ મણિલાલ સંઘવી
C/o., અલકા ટ્રેડર્સ
૧૫૫૪, કાળુપુર રોડ, મનસુખભાઈની પોળના નાકે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

અર્હં નમઃ
આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ
જૈનં જયતિ શાસનમ્

# સંયમની સુવાસ

: સંપાદક :

**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**

❋ ❋ ❋

**૧. સાધ્વીજી મહાનંદાશ્રીજીના શાશ્વત સુખદાયક સંયમ જીવનની ઝલક**

**૨. ગુરુવંદન વિધિ**

**૩. ચૈત્યવંદન વિધિ**

**૪. પ્રભુ સમક્ષ બોલવાની સ્તુતિ**


**૫. પાણી ઊકળેલું ક્યારે ગણાય ?**

**૬. સ્વપ્ન શાસ્ત્ર**

**૭. માનવ શરીરનાં લક્ષણ**

: પ્રકાશક :

જયપાલ મણિલાલ સંઘવી
C/o., અલકા ટ્રેડર્સ
૧૫૫૪, કાળુપુર રોડ, મનસુખભાઈની પોળના નાકે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧



**જેઓશ્રીજીના વચનમાં જિનાજ્ઞાનો રણકાર છે.**
**જેમની કાયામાં સંયમનો શણગાર છે.**
**જેમના મનમાં સમાધિનો ઝણકાર છે.**

## એવા પરમ-વિદુષી
## આદર્શ ગુરુણીજી ચંદ્રાનનાશ્રીજી મ.

પ્રકાંડ વૈરાગ્ય, અપ્રમત્તભાવ, જ્ઞાનાચારમાં સદા રમણતા, સતત અંતર્મુખતા આદિ ગુણવૈભવ વડે, પોતાના આત્માને અને જૈનશાસનને શોભાવનારાં, વાચના અને હિતશિક્ષા દ્વારા આશ્રિત આર્યાવૃંદને સદા સંયમયોગમાં પ્રવર્તાવનારાં તેમજ પરિચયમાં આવનારા સૌનાં હૈયાંને પ્રસન્નતાથી ભરી દેનારાં અને **પૂ. સા. મહાનંદાશ્રીજી**ને પરમ પુણ્યોદયે મળેલાં આવા ઉત્તમ, પરોપકારી ગુરુમૈયા સાધ્વીજી પ.પૂ. **ચંદ્રાનનાશ્રીજી**નાં ચરણોમાં કોટિ કોટિ વંદન !

## સમતા સાધક શ્રમણીરત્ના પ. પૂ. મહાનંદાશ્રીજી



**જન્મ**

જેઠ સુદ ૮, ૧૯૮૫

સિહોર (સૌરા.)

**દીક્ષા**

મહા વદ ૫, ૨૦૪૬

પાલિતાણા

**કાળધર્મ**

કા.સુ. ૭, ૨૦૬૫

તા. ૫-૧૧-૨૦૦૮

ધંધૂકા

## પ્રકાશકીય

સર્વવિરતિધર્મનો સ્વીકાર માત્ર માનવ જન્મમાં જ થઈ શકે છે.

શ્રાવિકા શિવકોરબહેન પ્રબળ પુણ્યોદયે સર્વવિરતિધર્મનો સ્વીકાર કરી, સુવિશુદ્ધ સંયમી, પરમોપકારી સાધ્વીશ્રી **ચન્દ્રાનનાશ્રીજીનાં** સાધ્વીશ્રી **મહાનંદાશ્રીજી** નામે શિષ્યા બન્યાં અને ગુરુકૃપાના બળે સુંદર રીતે સંયમ જીવનનું પાલન કરવા પણ સમર્થ બન્યાં.

આ પુસ્તિકામાં આપવામાં આવેલી એમના સંયમ જીવનની ઝલક વાંચી, અનુમોદના કરી, પુણ્યાત્માઓ પોતાના આત્માને માટે પણ સર્વવિરતિધર્મની પ્રાપ્તિને સુલભ બનાવે એજ શુભાભિલાષા.

**—પ્રકાશક**

## અનુક્રમણિકા


૧. સા. મહાનંદાશ્રીજીના સંયમ જીવનની સુવાસ .............. ૧
૨. ચૈત્યવંદન વિધિ .............. ૭
૩. ગુરુવંદન વિધિ .............. ૧૮
૪. પ્રભુ સમક્ષ બોલવાની સ્તુતિ .............. ૨૦
૫. પાણી ઊકળેલું ક્યારે ગણાય ? .............. ૨૨
૬. સ્વપ્ન શાસ્ત્ર .............. ૨૩
૭. માનવ શરીરનાં લક્ષણ .............. ૩૦

# પૂ. શ્રમણીરત્ના મહાનંદાશ્રીજીના તપોમય સંયમ - જીવનની સુવાસ !

શ્રી જૈનશાસનમાં આર્યા ચંદનાની પરંપરામાં કેઈ શ્રમણીરત્નો પોતાના સંયમ-જીવનની સાધનાની સુવાસથી જૈન જગતને તરબોળ કરી રહ્યાં છે.

આ ઉજ્જવળ પરંપરાના વાહક પરમ વિદૂષી **પૂ. સા. ચંદ્રાનનાશ્રીજીનાં** શિષ્યા સમતાસાધક, શ્રમણીરત્ના **પૂ. મહાનંદાશ્રીજી** પરમ પુણ્યોદયે મળેલા સંયમ જીવનની સુંદર સાધના કરીને વિ.સં. ૨૦૬૫ના કા. સુદ ૭, તા. ૫-૧૧-૨૦૦૮ના રોજ મહામંગલકારી શ્રી નમસ્કાર મહામંત્રના શ્રવણ-રટણમાં તલ્લીન બની સમાધિ મરણને સાધી ગયાં.

શાશ્વતા શત્રુંજય ગિરિરાજથી પાવન બનેલી સોરઠ ભૂમિની ગોદમાં આવેલા સિહોર ગામમાં શ્રેષ્ઠિવર્ય દલીચંદ વીરચંદનાં ધર્મપત્ની ચંદનબહેનની કૂખે જન્મેલી બાલિકા '**શિવકોર**' નામે પ્રસિદ્ધ થઈ ત્યારે કોઈનેય એવી કલ્પના ન હતી કે નામ પ્રમાણે એ '**શિવ**'ની કોર બનવા સાધ્વી જીવન સ્વીકારવા બડભાગી બનશે.

વાત્સલ્યભાવ સાથે માતાપિતા દ્વારા સુસંસ્કાર પામીને ઉપકારી સાધ્વીજીના પુણ્ય પરિચયથી બાલવયમાં જ પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને ચાર કર્મગ્રંથનો ધાર્મિક અભ્યાસ કરવા સાથે પાંચ ધોરણ સુધીનો ગુજરાતી

શાળાકીય અભ્યાસ પણ શિવકોરે કર્યો હતો, પરંતુ એનું મન સંસારની સોહામણી, લોભામણી ગલીઓથી વિમુખ બની મુક્તિની મંઝીલ તરફ મીટ માંડીને બેઠું હતું. તે માટે શાશ્વત સુખદાયક સંયમ માર્ગે પ્રયાણ કરવા ચાહતું હતું.

આમ છતાં ચારિત્રમોહનીય કર્મના ઉદયે રડતાં હૃદયે લગ્નગ્રંથિથી જોડાઈને કર્મસંયોગે સંસાર માંડવા છતાં કર્મને નબળું પાડવાની અને સંસાર થકી વહેલી તકે ભાગી છૂટવાની ભાવનાથી શિવકોરબહેને લગ્નના દિવસે પણ આયંબિલ તપ કર્યો.

સંસારવાસમાં પડવા છતાં શિવકોરના હૈયામાં તો સંયમનો નાદ ગૂંજતો હતો. **'શિવકોર'** એવું નામ જ શિવકોરને એવો કલ્યાણકારી સંદેશો આપનારું મળ્યું હતું કે **'તારે સંસાર કોર એટલે સંસારના માર્ગે નહિ, પણ શિવ કોર એટલે મોક્ષના માર્ગે જ આગળ વધવાનું છે.'** આ શ્રેયસ્કર સંદેશો શિવકોરબહેનના હૈયામાં સતત ગૂંજતો રહેતો હતો. આથી એક દિવસ ઘરમાંથી ભાગી છૂટીને સંયમ જીવનનો સ્વીકાર કરવા ઉપાશ્રયમાં સાધ્વીજી મહારાજ પાસે પહોંચી ગયાં, પણ સ્વજનો એમને મોહવશ પાછા લઈ આવ્યા.

ધર્મમય સંસારી જીવન જીવવા સાથે કર્મોદયે શ્રાવિકા શિવકોરબહેન પાંચ પુત્રીઓનાં માતા બન્યાં. એમના મનોભાવ તો એવા જ હતા કે પાપથી અને દુઃખથી ભરેલા

આ સંસારમાં મારે મારી એક પણ પુત્રીને પડવા દેવી નથી. તેથી જ પુત્રીઓનાં હૈયાં વૈરાગ્યવાસિત બને એવા સુસંસ્કાર એમને આપવા માટે તેઓ સદાય સજાગ અને પ્રવૃત્તિશીલ રહેતાં હતાં. એમની આવી પ્રબળ ભાવનાના ફળ સ્વરૂપે છેવટે એક '**ભાવના**' નામની સુપુત્રી સંયમ જીવનનો સ્વીકાર કરવા ઉત્સુક બની. એથી એને સહર્ષ શાસનને સમર્પિત કરી માતા શિવકોરબહેન કૃતકૃત્ય બન્યાં.

સુપુત્રી ભાવનાને સંયમ માર્ગે સહર્ષ વિદાય કરીને રત્નકુક્ષિ માતાએ સંતોષ ન માની લેતાં પોતે પણ રત્નત્રયીની આરાધના કરવા માટે ૬૭ વરસની પ્રૌઢ વયે વિ.સં. ૨૦૪૬ના માહ વદ પાંચમના દિવસે પાલિતાણા મુકામે શત્રુંજયની શીતળ છાયામાં, દીક્ષાના દાનવીર, પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના વરદ હસ્તે સંયમ જીવનનો સ્વીકાર કરીને પરમ વિદૂષી **પૂ. સાધ્વીજી ચંદ્રાનનાશ્રીજી**નાં '**સાધ્વીજી મહાનંદાશ્રીજી**' નામે શિષ્યા બન્યાં.

ગુરુનિશ્રા પામી ગુર્વાજ્ઞાનુસાર જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય તથા પ્રભુભક્તિમાં લીન બનવા સાથે ગૃહસ્થપણાથી આરંભાયેલી તપશ્ચર્યામાં પણ આગળ વધવા લાગ્યાં.

**આહારસંજ્ઞા ઉપર વિજય મેળવવા માટે મહાનંદાશ્રીજીએ કરેલી તપશ્ચર્યાની યાદી પણ ઘણી લાંબી છે.**

(૧) સળંગ ૫૦૦ આયંબિલ, (૨) પર્યુષણમાં સળંગ ૩૬ અઠ્ઠાઈ, (૩) સળંગ ૭ વરસીતપ એમાં ૧ વરસીતપ છઠ્ઠથી, (૪) માસખમણ, (૫) શ્રેણિતપ, (૬) સિદ્ધિતપ, (૭) સમવસરણતપ, (૮) સિંહાસનતપ, (૯) ખીરસમુદ્રતપ, (૧૦) વર્ધમાનતપ ૧૦૦ + ૨૫ ઓળી, (૧૧) ધર્મચક્રતપ, (૧૨) ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય ૩ વાર, (૧૩) ૧૬ ઉપવાસ, (૧૪) ૪૫ આગમતપ, (૧૫) ૨૮ લબ્ધિતપ, (૧૬) ૧૪ પૂર્વતપ, (૧૭) તેર કાઠિયાના અઠ્ઠમ, (૧૮) ૬૮ નવકારમંત્રવર્ણતપ, (૧૯) ૮ પાવડીનાં ૮ એકાસણાં, (૨૦) ચૈત્રીપૂનમ ૭૯, (૨૧) ૨૪ તીર્થંકર સહસ્રકૂટનાં ૧૦૦૮ એકાસણાં, (૨૨) પોષ દશમીના ૬૦ અઠ્ઠમ, (૨૩) દિવાળીનો છઠ્ઠ તપ ૮૬ વરસની ઉંમર સુધી કર્યો.

ઉપરાંત રોજ ઓછામાં ઓછું પારિસીનું પચ્ચક્ખાણ તો ખરું જ. આ રીતે સંસાર જીવનને અને સંયમ જીવનને તપોમય બનાવી પોતાના નશ્વર દેહનો એમણે પૂરેપૂરો કસ કાઢી લીધો.

૧૯ વરસના દીક્ષાપર્યાયમાં એમણે ગુર્વાજ્ઞા પ્રમાણે વિવિધ ક્ષેત્રોમાં ચાતુર્માસ કરી પોતાના તપોમય જીવનની સુવાસથી અનેક પુણ્યાત્માઓને ધર્મસમ્મુખ બનાવ્યા.પૂ. ગુરુણીજી મહારાજ પણ એમની ધર્મ સાધનામાં વિઘ્ન ન આવે એવાં યોગ્ય ક્ષેત્રોમાં જ એમનાં ચાતુર્માસ ગોઠવવાનું લક્ષ રાખતાં.

છેલ્લે સા.મહાનંદાશ્રીજીને પોતાની સંસારી સુપુત્રી સાધ્વીજી ભવ્યકલ્પાશ્રીજી સાથે ધંધૂકા મુકામે ચાતુર્માસ માટે જવાનું થયું. ચાતુર્માસ સારી રીતે પૂર્ણ થવા આવ્યું હતું ત્યારે જ કર્મરાજાએ કરવટ બદલી. એથી સાધક આત્માના શરીર પર અશાતાવેદનીય કર્મનો પંજો ફરી વળ્યો. આવી સ્થિતિમાં પણ એમણે દિવાળીનો છઠ તપ કર્યો. ત્યાર બાદ ઢીલાશ વધવા લાગી. બીમારીમાં પણ અજબની ખુમારી ને આવશ્યક ક્રિયામાં શુદ્ધિ-જાગૃતિ જોવા મળે. નાદુરસ્ત તબિયતમાં પણ દોઢ કલાક સુધી જાતે જ શત્રુંજયની ભાવયાત્રા કરી.

ઉપકારી ગુરુજનોથી માંડીને તમામ પરિચિતોને યાદ કરી ભાવપૂર્વક ક્ષમાપના કરી. ગુરુમુખે પાંચ મહાવ્રતો ફરીથી ઉચ્ચર્યાં. સમાધિમાં સહાયક સ્તોત્રો, સ્તવનો, સજ્ઝાયો તથા પંચસૂત્ર આદિનું એકાગ્રતાથી શ્રવણ કર્યું.

ધંધૂકામાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિપ્રવરશ્રી **ધન્યસેનવિજય મહારાજ** તથા પૂ. **જિનધર્મવિજય મહારાજ** પણ નિર્યામણા કરાવવા પધાર્યા હતા.

ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં પૂર્ણ જાગૃતિ સાથે, શ્રી નમસ્કાર મહામંત્રના નાદમય વાતાવરણમાં અનેક પ્રકારનાં પુણ્યદાનને ઝીલવાપૂર્વક તેમજ પોતાની સંસારી સુપુત્રીઓનાં મુખેથી સમાધિપ્રદ વચનો સુણતાં સુણતાં નશ્વર દેહનો ત્યાગ કરીને તેઓશ્રી કા. સુદ ૭ના રોજ રાત્રે ૧૦ ને ૫૭ મિનિટે કાળના ધર્મને પામ્યાં.

સૂરજ અજવાળાં વેરીને વિદાય થાય, સિતારો ચમકારો કરીને ચાલ્યો જાય, ગુલાબ સુવાસ ફેલાવીને કરમાઈ જાય તેમ આરાધનાનો ઉજાસ, ચારિત્રનો ચમકારો અને સાધનાની સુવાસ ફેલાવીને તેઓશ્રી ચાલ્યાં ગયાં.

સ્વ. સા. મહાનંદાશ્રીજીના સંસારી લઘુ બંધુએ પણ યૌવનવયમાં સંયમ જીવનનો સ્વીકાર કર્યો છે. હાલ તેઓશ્રી પણ સમર્થ સાહિત્યસર્જક **પૂ. હિતવિજયજી મહારાજ સાહેબ**ના નામે સુંદર આરાધના કરી રહ્યા છે.

જીવનભર જિનાજ્ઞાની ખુમારી, તપનો પ્રેમ, આરાધનામાં અપ્રમાદ - **સ્વ. સા. મહાનંદાશ્રીજી**ના આ બધા ગુણ અમારામાં પણ અવતરે એવી ભાવના રાખીએ છીએ.

સંસારમાં માતા માટે કહેવાયું છે કે **'મમતાની મૂરત'** અને **'સમતાની સૂરત'** એનું નામ માતા !

કોઈ ત્રાજવે તોળું તો તોળાય ના, કોઈ ટાંકણે ઘાટ ઘડાય ના ! જેના હૈયામાં સદાય સ્નેહનો રાગ અને પ્રેમનો પયોદધિ ઊછળતો જ હોય એવું અદ્‌ભુત હૈયું એટલે માતા !

માતા ઉપરાંત **'ધર્મમાતા'** તરીકે આ રીતે સ્વ.પૂ. સાધ્વીજીએ ભાવના તરીકે પોતાની પુત્રીમાં સુંદર સંસ્કારો સીંચ્યા અને સંયમી બન્યા બાદ **સા.ભવ્યકલ્પાશ્રીજી**ની જીવન-નૌકાના સુકાની બનીને એઓશ્રી એવું સુંદર સંયમ ઘડતર કરી ગયાં કે,એ સંયમ ઘડતરના સ્વરૂપે સ્વ. સાધ્વીજી **શ્રી મહાનંદાશ્રીજી**નો આજે પણ સાક્ષાત્કાર અનુભવાય !

# ચૈત્યવંદન વિધિ

૧. ઇરિયાવહિયં કરીને ત્રણ ખમાસમણ દેવાં.

૨. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં.

૩. ડાબો ઢીંચણ ઊભો રાખવો.

૪. સકલકુશલવલ્લી કહી, ચૈત્યવંદન કહેવું.

૫. જં કિંચિ, નમુત્થુ ણં, જાવંતિ ચેઇઆઇં કહી, એક ખમાસમણ દેવું.

૬. જાવંત કેવિ સાહૂ, નમોર્હત્ કહી સ્તવન કહેવું.

૭. લલાટે બે હાથ જોડી, જય વીયરાય આભવમખંડા સુધી કહેવા. પછી બે હાથ નીચે ઉતારીને, જય વીયરાય પૂરા કહેવા.

૮. ઊભા થઈ અરિહંત-ચેઇઆણં, અન્નત્થ કહી,

એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૯. કાઉસ્સગ્ગ પારી નમોર્હત્ કહી, એક થોય કહેવી.

**૧૦. ખમાસમણ દઈ ઊભા થઈ સ્તુતિ બોલીને પરમાત્માને વધાવવા.**

# જગચિંતામણિ (ચૈત્યવંદન) સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં.

જગચિંતામણિ જગનાહ, જગગુરુ, જગરક્ખણ,
જગબંધવ, જગસત્થવાહ, જગ[illegible]ક્ખણ,
અટ્ઠાવય સંઠવિઅ રૂવ, કમ્મટ્ઠ વિણાસણ,
ચઉવીસંપિ જિણવર જયંતુ અપ્પડિહય-સાસણ ॥૧॥

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમ સંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ,
નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહૂ ગમ્મઈ,
સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ,
સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ ॥૨॥

જયઉ સામિય જયઉ સામિય રિસહ સત્તુંજિ,
ઉજ્જિંજતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિ-મંડણ,
ભરુઅચ્છહિં મુણિસુવ્વય, મહુરિ પાસ દુહ-દુરિઅ-ખંડણ,
અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કેવિ,
તીઆણાગય સંપઈ અ, વંદું જિણ સવ્વે વિ ॥૩॥

સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડિઓ ।
બત્તીસ-સય બાસીઆઈ, તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥

પનરસ કોડિ સયાઈ, કોડિ બાયાલ લક્ખ અડવન્ના ।
છત્તીસ સહસ અસીઈ, સાસય બિંબાઈ પણમામિ ॥૫॥

# ચૈત્યવંદન કરતાં સૌપ્રથમ બોલવું.

સકલ-કુશલ-વલ્લી, પુષ્કરાવર્ત-મેઘો,
દુરિત-તિમિર-ભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ ।
ભવજલનિધિ-પોતઃ, સર્વ-સંપત્તિ-હેતુઃ,
સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાન્તિનાથઃ ॥૧॥

❀

## ચૈત્યવંદન

૧. તુજ મૂરતિને નીરખવા, નયણાં મુજ તલસે;
તુજ ગુણ-ગણને બોલવા, રસના મુજ હરસે ॥૧॥
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે ॥૨॥
એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય ॥૩॥

❀

૨. બાર ગુણ અરિહંતદેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ-દોહગ જાવે ॥૧॥
આચારજ ગુણ છત્રીસ, પંચવીસ ઉવજ્ઝાય;
સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય ॥૨॥
અષ્ટોત્તરશત ગુણ મળી, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે સુખકાર ॥૩॥

❀

૩.શાન્તિ જિનેશ્વર સોળમા, અચિરા-સુત વંદો;
વિશ્વસેનકુલ-નભમણિ, ભવિજન સુખકંદો ॥૧॥
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણા-ઉર-નયરી-ધણી, પ્રભુજી ગુણ-મણિ-ખાણ॥૨॥
ચાલીસ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥

❀

૪. શ્રી ચિંતામણિ પાસજી, વામાનંદન દેવ;
અશ્વસેનકુલ-ચંદ્રમા, કિજે અહોનિશ સેવ ॥૧॥
પંચમ આરે જીવને, એ પ્રભુનો આધાર;
અંતરશત્રુ ટાળતા, વારતા વિષય-વિકાર ॥૨॥
સાચું શરણું નાથનું, પામે જે પુણ્યવંત;
ચોરાસી લાખ ભ્રમણનો, તે પામે ઝટ અંત ॥૩॥
માત-પિતા-બાંધવ તુમે, નમીએ નિત્ય પ્રભાત;
તુંહિ તુંહિ રટના કરી, લહીએ અનુપમ શાત ॥૪॥

❀

## જં કિંચિ (તીર્થવંદન) સૂત્ર

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ
જાઈં જિણ-બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ॥૧॥

❀

# નમુત્થુ ણં (શક્રસ્તવ) સૂત્ર

નમુત્થુ ણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥
આઇગરાણં, તિત્થયરાણં, સયં - સંબુદ્ધાણં ॥૨॥
પુરિસુત્તમાણં, પુરિસ - સીહાણં,
પુરિસ - વરપુંડરીઆણં, પુરિસ - વરગંધહત્થીણં ॥૩॥
લોગુત્તમાણં, લોગ - નાહાણં, લોગ - હિયાણં,
લોગ - પઈવાણં, લોગ - પજ્જોઅગરાણં ॥૪॥
અભય - દયાણં, ચક્ખુ - દયાણં, મગ્ગ - દયાણં,
સરણ - દયાણં, બોહિ - દયાણં ॥૫॥
ધમ્મ - દયાણં, ધમ્મ - દેસયાણં, ધમ્મ - નાયગાણં,
ધમ્મ - સારહીણં, ધમ્મ - વર - ચાઉરંત - ચક્કવટ્ટીણં ॥૬॥
અપ્પડિહય - વર - નાણ - દંસણ - ધરાણં, વિઅટ્ટ-છઉમાણં ॥૭॥
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥
સવ્વન્નૂણં, સવ્વ - દરિસીણં,
સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય - મવ્વાબાહ,
મપુણરાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં ઠાણં સંપત્તાણં,
નમો જિણાણં જિઅ - ભયાણં ॥૯॥
જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે,
સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

## જાવંતિ ચેઈઆઈં (સર્વ ચૈત્યવંદન) સૂત્ર

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ-લોએ અ;
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં ॥૧॥

❀

## જાવંત કે વિ સાહૂ (સર્વ સાધુવંદન) સૂત્ર

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ-વિરયાણં ॥૧॥

❀

## નમોર્હત્ (પંચપરમેષ્ઠિ-નમસ્કાર) સૂત્ર

નમોર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વ-સાધુભ્યઃ ॥૧॥

❀

## ૧. આદિનાથ જિન સ્તવન

દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો દાદા દરિસણ દ્યો.
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચડે પલાણે;
કોઈ આવે પગ પાળે, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦ ॥૧॥

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે;
હું આવું પગ પાળે, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦॥૨॥

કોઈ મૂકે સોના રૂપાં, કોઈ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦ ॥૩॥

શેઠ મૂકે સોના રૂપાં, રાજા મૂકે મહોર;
હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦ ॥૪॥
કોઈ માગે કંચન કાયા, કોઈ માગે આંખ;
કોઈ માગે ચરણોની સેવા, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦ ॥૫॥
પાંગળો માગે કંચન કાયા, આંધળો માગે આંખ;
હું માગું ચરણોની સેવા, દાદાને દરબાર, દાદા આદીશ્વરજી૦ ॥૬॥
હીરવિજય ગુરુ હીરલો ને, વીરવિજય ગુણ ગાય;
શત્રુંજયનાં દર્શન કરતાં, આનંદ અપાર, દાદા આદીશ્વરજી૦ ॥૭॥

## ૨. શાંતિનાથ જિન સ્તવન

મારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા.
અચિરાજીના નંદન તોરે, દરિસણ હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સાહિબ, ભક્તિ ભેટણું લાવ્યો. મારો૦ ॥૧॥

દુઃખ-ભંજન છે બિરુદ તુમારું, અમને આશ તુમારી;
તુમે નીરાગી થઈને છૂટો, શી ગતિ હોશે હમારી. મારો૦ ॥૨॥

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વહાલો લાગે. મારો૦ ॥૩॥

મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું. મારો૦ ॥૪॥

અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મારો૦ ॥૫॥

## ૩. પાર્શ્વનાથ જિન સ્તવન

રાધા જેવાં ફૂલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો છે રંગ.
પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મને નયણે નિહાળ ॥૧॥
જોગી વાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ॥૨॥
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની, કાંઈ સાંભળી અરદાસ. પ્યારા૦ ॥૩॥
દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવ્વલ;
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ. પ્યારા૦ ॥૪॥
કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ. પ્યારા૦ ॥૫॥

❀

## ઉવસગ્ગહરં સ્તવન (ઉપસર્ગહર સ્તોત્ર) સૂત્ર

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કં
વિસહર-વિસ-નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥
વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ
તસ્સ ગહ-રોગ-મારી, દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥

ઇઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ - જિણચંદ ॥૫॥

## જય વીયરાય (પ્રાર્થના) સૂત્ર

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં, તુહ પભાવઓ ભયવં !
ભવ - નિવ્વેઓ, મગ્ગાણુસારિઆ, ઈટ્ઠફલ - સિદ્ધિ ॥૧॥

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણ - પૂઆ, પરત્થકરણં ચ
સુહગુરુ - જોગો, તવ્વયણ - સેવણા આભવમખંડા ॥૨॥

વારિજ્જઈ જઈ વિ નિઆણબંધણં વીયરાય ! તુહ સમયે
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિ - મરણં ચ બોહિલાભો અ
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ - કરણેણં ॥૪॥

સર્વ - મંગલ - માંગલ્યં, સર્વ - કલ્યાણ - કારણમ્
પ્રધાનં સર્વ - ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

## અરિહંત-ચેઈઆણં (ચૈત્યસ્તવ) સૂત્ર

અરિહંત - ચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥
વંદણ - વત્તિયાએ, પૂઅણ - વત્તિયાએ, સક્કાર - વત્તિયાએ,
સમ્માણ - વત્તિયાએ, બોહિલાભ - વત્તિયાએ,
નિરુવસગ્ગ - વત્તિયાએ ॥૨॥
સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ,
અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥ અન્નત્થ૦

## થોય

૧. પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુરનરનારીના વૃંદ ॥૧॥

૨. ભીડભંજન પાસ પ્રભુ સમરો,
અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિન આગમ અમૃત પાન કરો,
શાસનદેવી સવિ વિઘ્ન હરો ॥૧॥

૩. શંખેશ્વર પાર્શ્વ જુહારીએ,
સવિ જિન આણા શિર ધારીએ;
જિનવાણી સુણી અઘ હારીએ,
પદ્માવતી વિઘન વિદારીએ ॥૧॥

# સ્તુતિ

૧. ભવોભવ તુમ ચરણોની સેવા,
હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી,
એવી ઉદયરતનની વાણી ॥૧॥

૨. આવ્યો શરણે તુમારા, જિનવર કરજો,
આશ પૂરી હમારી,
નાવ્યો ભવપાર મારો,
તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે, હર્ષ અધિકથી,
પરમ આનંદકારી,
પાયો તુમ દર્શ નાસે, ભવભય ભ્રમણા,
નાથ સર્વે હમારી ॥૧॥

## ચૈત્યવંદન બાદ પ્રભુજીને વધાવવા.

### ગુરુજનનો વિનય

ગુરુજન બહારથી આવે ત્યારે ઊભા થવું, સામે જવું, એમને બેસવા આસન આપવું વગેરે વિનય કરવો.

ગુરુજન સાથે ઉદ્ધતાઈનો ત્યાગ કરી નમ્રતાથી વર્તવું. એમનાથી નીચા આસને બેસવું-બેઠક નીચી રાખવી.

એમની સામે પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ.

# ગુરુવંદન વિધિ

પ્રથમ બે ખમાસમણ દેવાં.

ઊભા થઈ બે હાથ જોડી ઇચ્છકાર બોલવો.

પદસ્થને એક ખમાસમણ દેવું.

જમણા હાથની ખુલ્લી હથેળી જમીન પર સ્થાપીને અબ્ભુટ્ઠિઓ કહેવો.

અબ્ભુટ્ઠિઓ ખામ્યા પછી એક ખમાસમણ દેવું.

વંદન કર્યા પછી પચ્ચક્ખાણ કરવું હોય તો

બે હાથ જોડી મસ્તક નમાવી **'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી'** એમ બોલીને પોતાને જે પચ્ચક્ખાણ કરવાની ભાવના હોય તે પચ્ચક્ખાણનું પોરિસિ, સાઢપોરિસિ સહિત યથાર્થ નિવેદન કરવું.

પચ્ચક્ખાણ લીધા પછી એક ખમાસમણ દેવું.

## ખમાસમણ ( પ્રણિપાત ) સૂત્ર

**ઇચ્છામિ ખમાસમણો વંદિઉં,**
**જાવણિજ્જાએ, નિસીહિઆએ,**
**મત્થએણ વંદામિ ॥૧॥**

## ઈચ્છકાર (સુગુરુ સુખસાતા પૃચ્છા) સૂત્ર

ઈચ્છકાર સુહરાઈ ? (સુહદેવસિ ?)
સુખતપ ? શરીર નિરાબાધ ?
સુખ-સંજમ-જાત્રા નિર્વહો છો જી ?
સ્વામી સાતા છે જી ?
ભાત-પાણીનો લાભ દેજોજી ॥૧॥

## અબ્ભુટ્ઠિઓ (ગુરુખામણા) સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં (દેવસિઅં) ખામેઉં ?
ઈચ્છં, ખામેમિ રાઈઅં (દેવસિઅં)
જં કિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે,
વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે,
ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ,
જં કિંચિ મજ્ઝ વિણય-પરિહીણં, સુહુમં વા બાયરં વા,
તુબ્ભે જાણહ, અહં ન જાણામિ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

# પ્રભુજી સમક્ષ બોલવાની સ્તુતિ

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગતબંધુ ! ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે;
જન્મ્યો પ્રભુ ! તે કારણે, દુઃખપાત્ર હું સંસારમાં,
હા ! ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં (૧)

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રી વીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની;
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે (૨)

દેખી મૂર્તિ શ્રી પાર્શ્વ જિનની, નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ, ધ્યાન તારું ધરે છે;
આત્મા મારો પ્રભુ ! તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે (૩)

જે દૃષ્ટિ પ્રભુદર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીએ મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે,
તુજ નામમંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત્ય ધન્ય છે (૪)

તારાથી ન અન્ય સમર્થ દીનનો, ઉદ્ધારનારો પ્રભુ !
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ !
મુક્તિમંગલ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી (૫)

# વારંવાર વિચારવા યોગ્ય !

મારે (આત્માને) એક દિવસ અહીંથી ખાલી હાથે ચાલ્યા જવાનું છે. મેં અહીં કરેલાં પુણ્ય-પાપ સિવાય પરલોકમાં મારી સાથે બીજું કાંઈ જ આવવાનું નથી. મેં લોભને વશ પડી, પાપથી ભેગું કરેલું બધું અહીં જ પડી રહેવાનું છે.

મેં અહીં કરેલાં સારાં-માઠાં કર્મોનાં સારાં-માઠાં (સુખદાયક-દુઃખદાયક) ફળ મારે પરલોકમાં ભોગવવાનાં છે.

આ ભવ, પરભવમાં સુખશાંતિ આપનારા આવા આત્મકલ્યાણકારી સદ્‌વિચાર રોજે રોજ વારંવાર કરવા યોગ્ય છે.

હે દેવાધિદેવ !

જ્યાં પણ મારો જન્મ થાય,

ત્યાં મને જિનશાસન મળે.

આ સિવાય મારે બીજું કાંઈ જોઈતું નથી.

## પાણી ઊકળેલું (અચિત્ત થયેલું) ક્યારે ગણાય ?

અગ્નિ ઉપર ઉકાળવા મૂકેલા પાણીમાં ત્રણ (૩) ઊભરા (ઉકાળા) આવે
ત્યારે જ પાણી બરાબર ઊકળેલું એટલે અચિત્ત થયેલું ગણાય.
ત્રણ ઉકાળા આવ્યા વગરનું ઊનું પાણી મિશ્ર ગણાય છે.

ઉકાળેલા પાણીનો કાળ

(ઉકાળેલું પાણી અચિત્ત રહેવાના કાળની મર્યાદા)

૧. ચોમાસામાં (અષાડ સુદ ૧૫થી કારતક સુદ ૧૪ સુધી) ૩ (ત્રણ) પહોર
૨. શિયાળામાં (કારતક સુદ ૧૫થી ફાગણ સુદ ૧૪ સુધી) ૪ (ચાર) પહોર
૩. ઉનાળામાં (ફાગણ સુદ ૧૫થી અષાડ સુદ ૧૪ સુધી) ૫ (પાંચ) પહોર

❈

**દિવસ** : દિવસ એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો કાળ
**રાત** : સૂર્યાસ્ત થતાંની સાથે જ રાત્રિ શરૂ થઈ જાય.

❈

**પહોર** (પ્રહર) : પહોર એટલે દિવસનો ચોથો ભાગ
દિવસ નાનો-મોટો થાય એમ પહોર પણ નાનો-મોટો થાય.

૧. ચોમાસામાં દિવસ જ્યારે અંદાજે ૧૨ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૩ કલાકનો હોય.

૨. શિયાળામાં દિવસ જ્યારે અંદાજે ૧૧ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૨॥। કલાકનો હોય.

૩. ઉનાળામાં દિવસ જ્યારે અંદાજે ૧૩ કલાકનો હોય ત્યારે પહોર અંદાજે ૩। કલાકનો હોય.

ઊકળીને તૈયાર થયેલું અને સળગતા ચૂલા પરથી ઉતારેલું ઉકાળેલું પાણી

૧. ચોમાસામાં અંદાજે ૯ કલાક અચિત્ત રહે.
૨. શિયાળામાં અંદાજે ૧૧ કલાક અચિત્ત રહે.
૩. ઉનાળામાં અંદાજે ૧૫ કલાક અચિત્ત રહે.

**વિશેષ નોંધ : શિયાળામાં પાણીનો કાળ ૪ પહોરનો એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો જ હોવાથી સૂર્યોદય બાદ ઓછામાં ઓછી ૧૫ મિનિટ વીત્યા પછી જ પાણી ચૂલા પરથી ઉતારવું જોઈએ. સૂર્યાસ્ત પહેલાં ઉતાર્યું હોય તો સૂર્યાસ્ત પહેલાં કાચું થઈ જાય. (વિશેષ ગુરુગમથી જાણવું.)**

## સ્વપ્નશાસ્ત્ર

મહાન યશ ધરાવતા અરિહંતો
જે રાત્રિએ માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય છે,
તે રાત્રિએ સર્વ તીર્થંકરોની માતાઓ
ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગે છે.
સ્વપ્નલક્ષણ પાઠકો સિદ્ધાર્થ રાજાની સમક્ષ
સ્વપ્નશાસ્ત્ર ઉચ્ચારતાં કહે છે કે -
માણસને નવ પ્રકારે સ્વપ્ન આવે છે :
નવ પ્રકારે આવેલાં સ્વપ્નોમાંથી પ્રથમ છ પ્રકારે
આવેલાં સ્વપ્નો શુભ હોય કે અશુભ હોય —
એ સર્વ સ્વપ્નો નિરર્થક છે અર્થાત્
એનું કાંઈ પણ ફળ મળતું નથી.

## રાત્રિના કયા પહોરે આવેલું સ્વપ્ન કેટલા સમયે ફળે ?

રાત્રિના પ્રથમ પહોરે આવેલું સ્વપ્ન બાર માસે ફળે, બીજા પહોરે આવેલું સ્વપ્ન છ માસે ફળે, ત્રીજા પહોરે આવેલું સ્વપ્ન ત્રણ માસે ફળે, ચોથા પહોરે આવેલું સ્વપ્ન એક મહિને ફળ આપનારું બને છે. રાત્રિ પૂરી થવાને બે ઘડી(૪૮ મિનિટ)ની વાર હોય ત્યારે આવેલું સ્વપ્ન દસ દિવસમાં ફળે છે અને સૂર્યોદય સમયે જોવામાં આવેલું સ્વપ્ન નક્કી તે જ દિવસે ફળે છે. દિવસે જોવામાં આવેલી સ્વપ્નોની હારમાળા તથા આધિ(માનસિક ચિંતા), વ્યાધિ(રોગ)થી ઉત્પન્ન થયેલું સ્વપ્ન અને મળ-મૂત્રાદિક રોકાઈ જવાથી ઉત્પન્ન થયેલી પીડાને કારણે આવેલું સ્વપ્ન - આ સર્વ સ્વપ્નો નિરર્થક હોય છે, એનું કાંઈ પણ ફળ હોતું નથી.

# જેને સારું કે ખરાબ સ્વપ્ન આવ્યું હોય તેણે શું કરવું જોઈએ ?

ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો તે કોઈને પણ કહેવું નહિ. સારું સ્વપ્ન આવ્યું હોય તો તે ગુરુ આદિ યોગ્ય વ્યક્તિને સંભળાવવું. જો સાંભળનાર કોઈ યોગ્ય વ્યક્તિ ન મળે તો છેવટે ગાયના કાનમાં કહેવું, પણ અયોગ્યને સંભળાવવું નહિ. સારું(ઇષ્ટ) ફળ આપનારું સ્વપ્ન જોયા પછી સૂઈ જવું નહિ, સૂઈ જવાથી એનું ફળ નાશ પામે છે, માટે સારું સ્વપ્ન જોયા પછી બાકીની રાત્રિ જાગતા રહીને દેવ-ગુરુના ગુણગાનમાં જ પસાર કરવી જોઈએ. ખરાબ(અનિષ્ટ) ફળ આપનારું સ્વપ્ન જોયા પછી સૂઈ જવું જોઈએ અને તે કોઈને પણ કહેવું નહિ. આથી તે ફળ આપનારું બની શકતું નથી.

ખરાબ સ્વપ્ન જોયા પછી સૂઈ ગયેલા માણસને સારું સ્વપ્ન આવે તો પાછળથી જોયેલું સારું સ્વપ્ન જ એને ઇષ્ટ ફળ આપનારું બને છે, પણ પૂર્વે જોયેલું ખરાબ સ્વપ્ન ફળ આપનારું બની શકતું નથી. એવી જ રીતે સારું સ્વપ્ન જોયા પછી સૂઈ ગયેલા માણસને ખરાબ સ્વપ્ન આવે તો પાછળથી જોયેલું ખરાબ સ્વપ્ન જ એને અનિષ્ટ ફળ આપનારું બને છે, પણ પૂર્વે જોયેલું સારું સ્વપ્ન ઇષ્ટ ફળ આપનારું બની શકતું નથી.

## કેવા માણસને આવેલું સ્વપ્ન ફળે ?

જે માણસ હંમેશાં ધર્મકાર્યોમાં તત્પર હોય, સમ ધાતુવાળો હોય, સ્થિર ચિત્તવાળો હોય, જિતેન્દ્રિય હોય અને દયાળુ હોય - પ્રાયઃ આવા માણસને આવેલું સ્વપ્ન એના ઇચ્છિત ફળને સાધી આપનારું બને છે.

# માણસને કેવું સ્વપ્ન આવે તો એનું ફળ કેવું મળે ?

૧. જે માણસ સ્વપ્નમાં પોતાને સિંહ, ઘોડો, હાથી, બળદ કે સિંહણથી જોડાયેલા રથમાં બેસીને જતો જુએ તે માણસ રાજા થાય છે.

૨. જે માણસ સ્વપ્નમાં ઘોડો, હાથી, વાહન, આસન, ઘર, વસ્ત્ર આદિ પોતાની વસ્તુઓનું અપહરણ થતું(ચોરી થતી) જુએ છે તે માણસ ઉપર રાજાને શંકા ઉત્પન્ન થાય છે, એને શોક આવી પડે છે, પોતાના બંધુઓની સાથે વિરોધ થાય છે અને એના ધનની પણ હાનિ થાય છે.

૩. જે માણસ સ્વપ્નમાં પોતાને સૂર્ય-ચંદ્રના સંપૂર્ણ બિંબને ગળી જતો જુએ છે તે માણસ ભલે દીન હોય તોપણ સમુદ્ર પર્યંતની અને સુવર્ણ સહિતની પૃથ્વીને ધારણ કરનારો અર્થાત્ મોટો રાજા બને છે.

૪. જે માણસ સ્વપ્નમાં પોતાનાં શસ્ત્ર, ઘરેણું, મણિ અને મોતીની તથા સોનું, રૂપું અને એ સિવાયની બીજી કોઈ પણ ધાતુની ચોરી થતી જુએ છે એના ધન અને માનની હાનિ થાય છે અને એનું દારુણ મરણ થાય છે.

૫. જે માણસ સ્વપ્નમાં પોતાને સફેદ હાથી ઉપર બેઠેલો અને નદી કિનારે ચોખાનું ભોજન કરતો જુએ છે તે માણસ હીન જાતિનો હોય તોપણ ધર્મરૂપી ધનવાળો થઈને સમગ્ર પૃથ્વીને ભોગવનારો અર્થાત્ મોટો રાજા થાય છે.

૬. જે માણસ સ્વપ્નમાં પોતાની પત્નીનું હરણ થતું જુએ છે તેના ધનનો નાશ થાય છે, એનો પરાભવ થાય છે અને એને ક્લેશ પણ થાય છે.

૭. જે માણસ સ્વપ્નમાં પોતાના ગોત્રની સ્ત્રીઓનું હરણ થતું જુએ છે તે માણસના બંધુઓનો વધ થાય છે અથવા એમને બંધન(જેલ) થાય છે.

૮. જે માણસ સ્વપ્નમાં પોતાની ભુજા(હાથ) ઉપર સફેદ સર્પને ડંખ મારતો જુએ છે તેને પાંચ દિવસમાં એક હજાર સોનામહોર મળે છે.

૯. જે માણસ સ્વપ્નમાં પોતાની પથારી, પલંગ, અને પગરખાંનું હરણ થતું જુએ છે તે માણસની પત્ની મરણ પામે છે અને તે પોતે પણ પોતાના શરીરે ગાઢ પીડા ભોગવે છે.

૧૦. જે માણસ સ્વપ્નમાં પોતાને મનુષ્યના મસ્તકનું ભક્ષણ કરતો જુએ છે તેને રાજ્ય મળે છે, ચરણનું ભક્ષણ કરતો જુએ છે તેને હજાર સોનામહોર મળે છે અને ભુજાનું ભક્ષણ કરતો જુએ છે તેને પાંચસો સોનામહોર મળે છે.

૧૧. જે માણસ સ્વપ્નમાં પોતાના ઘરના દ્વારની ભોગળ, પથારી, પલંગ, હીંડોળો, પાદુકા(પગરખાં) અને ઘરને ભાંગી જતું જુએ છે તેની પત્ની મરણ પામે છે.

૧૨. જે માણસ સ્વપ્નમાં સરોવર, સમુદ્ર, જળથી સંપૂર્ણ ભરેલી નદીને અને મિત્રના મરણને જુએ છે તે નિમિત્ત વિના પણ ઘણું ધન મેળવે છે.

૧૩. જે માણસ સ્વપ્નમાં અતિશય તપેલું તથા છાણ અને ઔષધિ વડે ડોળું થયેલું પાણી પીતો પોતાને જુએ છે તે નક્કી અતિસાર(ઝાડા)ના રોગથી મરણ પામે છે.

૧૪. જે માણસ સ્વપ્નમાં પોતાને પ્રભુપ્રતિમાની યાત્રા કરતો, પ્રક્ષાલ કરતો, ભેટણું ધરતો કે પૂજા કરતો જુએ છે એની ચારે તરફથી વૃદ્ધિ થાય છે.

૧૫. જે માણસ સ્વપ્નમાં પોતાના હૃદયરૂપી સરોવરમાં કમળો ઊગેલાં જુએ છે તે માણસ કોઢિયો થઈને તરત જ મરણ પામે છે.

૧૬. જે માણસ સ્વપ્નમાં પોતાને ઘણું ઘી મેળવતો જુએ છે તે માણસ યશસ્વી બને છે. કોઈ માણસ પોતાને ખીરની સાથે ઘીનું ભોજન કરતો જુએ તો તે સ્વપ્ન પણ તેને સારું ફળ આપનારું બને છે.

૧૭. જે માણસ સ્વપ્નમાં પોતાને હસતો જુએ છે તેને તરત જ શોક આવી પડે છે. જે પોતાને નાચતો જુએ છે તેને વધ અને બંધન આવી પડે છે અને જે પોતાને ભણતો જુએ છે તેને ક્લેશ થાય છે.

૧૮. કાળી ગાય, કાળો ઘોડો, કાળો રાજા, કાળો હાથી અને પ્રભુની કાળી પ્રતિમા આટલી કાળી વસ્તુઓને છોડીને સ્વપ્નમાં જોવાયેલી બધી જ કાળી વસ્તુઓ અશુભ ફળ આપનારી બને છે. મુખ્યત્વે કપાસ અને લવણને છોડીને સ્વપ્નમાં જોવાયેલી સર્વ સફેદ વસ્તુઓ શુભ ફળ આપનારી બને છે.

૧૯. જે સ્વપ્ન પોતાની જાત માટે જોવાયેલું હોય તે જ સ્વપ્ન પોતાને શુભ કે અશુભ ફળ આપનારું બને છે, પરંતુ જે સ્વપ્ન બીજાની બાબતમાં જોવાયેલું હોય તે સ્વપ્ન જેની બાબતમાં જોવાયેલું હોય તે જ માણસને શુભ કે અશુભ ફળ આપનારું બને છે. તેમાં પોતાને કોઈ લાભ-હાનિ હોતી નથી.

૨૦. ખરાબ સ્વપ્ન જોયા પછી જે માણસ દેવ-ગુરુની પૂજા અને યથાશક્તિ તપ કરવા લાગી જાય છે તેમ જ ધર્મકાર્યોમાં સદા તત્પર બની જાય છે તેને આવેલું ખરાબ સ્વપ્ન પણ સારા સ્વપ્નમાં ફેરવાઈ જાય છે.

**આગમમાં પણ કહ્યું છે કે –**

૧. જે સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં એક મોટા ખીરના ઘડાને કે દહીંના ઘડાને કે ઘીના ઘડાને કે મધના ઘડાને જુએ છે, ઉપાડે છે અને મેં ઉપાડ્યો એમ માને છે તે તરતજ બોધ પામે છે અને તે જ ભવમાં મુક્તિમાં જાય છે.

૨. જે સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં એક મોટા હિરણ્ય(રૂપા)ના ઢગલાને કે રત્નના ઢગલાને કે સુવર્ણના ઢગલાને કે વજ્રના ઢગલાને જુએ છે, દુઃખે કરીને ઉપાડે છે અને મેં દુઃખે કરીને ઉપાડ્યો એમ માને છે તે પણ તરત જ બોધ પામે છે અને તે જ ભવમાં મુક્તિમાં જાય છે.

૩. જે સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં લોઢાના ઢગલાને કે તગર (એક ધાતુ)ના ઢગલાને કે રૂપાના ઢગલાને કે ત્રાંબાના ઢગલાને કે સીસાના ઢગલાને જુએ છે તે માણસ પણ તરત જ બોધ પામે છે, પરંતુ બીજા ભવે મુક્તિમાં જાય છે.

**અહો જૈનશાસન !**

આ સંસારમાં મારા આત્માને
પાપથી અને દુઃખથી બચાવનાર
જૈનશાસન સિવાય બીજું કોઈ જ નથી.

# સ્વપ્નશાસ્ત્ર

સ્વપ્નશાસ્ત્રમાં ૪૨ સ્વપ્નો સામાન્ય ફળવાળાં અને
૩૦ સ્વપ્નો ઉત્તમ ફળવાળાં કહ્યાં છે.

સર્વ મળીને ૭૨ સ્વપ્નો કહેલાં છે.

૧. અરિહંતની માતાઓ અને ચક્રવર્તીની માતાઓ, અરિહંત કે ચક્રવર્તી કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્તમ ફળવાળાં ત્રીસ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગે છે.

૨. વાસુદેવો માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે ત્યારે વાસુદેવોની માતાઓ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ સાત મહાસ્વપ્નો જોઈને જાગે છે.

૩. બળદેવો માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે ત્યારે બળદેવોની માતાઓ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ ચાર મહાસ્વપ્નો જોઈને જાગે છે.

૪. દેશનો અધિપતિ એવો માંડલિક રાજા માતાની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે ત્યારે માંડલિક રાજાની માતા ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ એક મહાસ્વપ્ન જોઈને જાગે છે.

**હે અરિહંત પરમાત્મા !**

ભયાનક પાપથી અને દુઃખથી ભરેલા
આ સંસાર થકી મારા આત્માનો
વહેલામાં વહેલી તકે ઉદ્ધાર કરજો.

# માનવ-શરીરનાં લક્ષણો

૧. મુખ એ શરીરનો અર્ધભાગ છે અથવા તો આખા શરીરમાં મુખ જ મુખ્ય છે. મુખમાં પણ શ્રેષ્ઠ નાસિકા છે અને નાસિકાથી પણ શ્રેષ્ઠ નેત્રો છે.

૨. માણસનાં નેત્રો જેવાં હોય તેવું તેનું શીલ(આચરણ) હોય અર્થાત્ નેત્રો સારા ગુણવાળા હોય તો આચરણ સારું હોય છે અને દોષવાળાં કે કુલક્ષણવાળાં હોય તો ખરાબ આચરણ હોય છે.

૩. માણસની નાસિકા જેવી હોય છે તેવી તેનામાં સરળતા હોય અર્થાત્ નાસિકા સરળ હોય તો સરળપણું અને વક્ર હોય તો વક્રપણું હોય છે.

૪. માણસનું રૂપ જેવું હોય તેવું તેનું ધન હોય. રૂપ જેમ જેમ અધિક તેમ તેમ ધન વધુ હોય છે.

૫. જેવું જેનું શીલ(આચરણ) હોય તેવા તેનામાં ગુણો હોય અર્થાત્ જેમ જેમ આચરણ સારું તેમ તેમ ગુણો અધિક હોય છે.

૬. અતિશય ઠીંગણા, અતિશય ઊંચા, અતિશય જાડા, અતિશય પાતળા તથા અતિશય કાળા અને અતિશય ગોરા - આ છ પ્રકારના માણસો સત્ત્વશાળી હોય છે. એમનામાં રહેલું સત્ત્વ અવસરે જણાય છે.

૭. જે માણસ સારા ધર્મવાળો, સારા ભાગ્યવાળો, નીરોગી, સારાં સ્વપ્નોવાળો, સારા નય(ન્યાય-નીતિ)વાળો અને કવિ હોય તે સ્વર્ગમાંથી આવેલો હોય છે અને અહીંથી મરીને પણ સ્વર્ગમાં જનારો હોય છે.

૮. જે માણસ દંભ વગરનો, દયાળુ, દાની, ઈન્દ્રિયોનું દમન કરનારો અર્થાત્ ઈન્દ્રિયોને સંયમમાં (કાબુમાં) રાખનારો, ચતુર ને સરળસ્વભાવી હોય તે માણસ મનુષ્યગતિમાંથી આવેલો હોય છે અને અહીંથી મરીને પણ મનુષ્યગતિમાં જનારો હોય છે.

૯. જે માણસ માયાવી, લોભી, ભુખાળવો, આળસુ અને ઘણો આહાર કરનારો હોય તે તિર્યંચગતિમાંથી આવેલો હોય છે અને અહીંથી મરીને પણ તિર્યંચગતિમાં જનારો હોય છે.

૧૦. જે માણસ અતિશય રાગી, સ્વજનોનો દ્વેષ કરનારો, ખરાબ વાણી બોલનારો અને મૂર્ખની સોબત કરનારો હોય તે નરકગતિમાંથી આવેલો હોય છે અને અહીંથી મરીને પણ નરકગતિમાં જનારો હોય છે.

૧૧. શરીરના જમણાં અંગમાં જમણું આવર્ત (ગોળાકાર વર્તુળ) શુભસૂચક, ડાબા અંગમાં ડાબું આવર્ત અતિનિંદ્ય અને મધ્યભાગમાં રહેલું આવર્ત્ત મધ્યમ ફળ આપનારું હોય છે.

૧૨. જે માણસની હથેળીમાં બિલકુલ રેખા ન હોય અથવા ઘણી વધારે રેખાઓ હોય તે માણસ અલ્પાયુષી, નિર્ધન અને દુઃખી હોય છે.

૧૩. જે માણસની અનામિકા આંગળીની ઉપરની છેલ્લી રેખાથી ટચલી આંગળી ઊંચી હોય તે માણસ ધનવાન અને વિશાળ માતૃપક્ષ(મોસાળ)વાળો હોય છે.

૧૪. મણિબંધથી(હાથના કાંડા પાસેથી) પિતાની રેખા નીકળે છે અને કરભથી (ટચલી આંગળી નીચેના હથેળીના બાહ્યભાગથી) વિભવ અને આયુષ્યની રેખાઓ નીકળે છે. આ ત્રણેય રેખાઓ તર્જની (પહેલી આંગળી) અને અંગુઠાની વચમાં જાય છે.

આ ત્રણ રેખાઓ જેની સંપૂર્ણ અને દોષરહિત હોય તેનાં ગોત્ર, ધન અને આયુષ્ય સંપૂર્ણ હોય છે. તે સિવાય અપૂર્ણ હોય છે.

૧૫. આયુષ્યરેખા જેટલી આંગળીઓ ઓળંગે તેટલી - તેટલી પચીસી(૨૫-૨૫ વર્ષ)નું આયુષ્ય જાણવું.

૧૬. અંગુઠાના મધ્યભાગમાં જવ હોય તો તે વિદ્યા, ખ્યાતિ અને વિભૂતિ સૂચવે છે. જમણા અંગુઠામાં જવ હોય તો તે શુક્લપક્ષમાં જન્મ સૂચવે છે.

૧૭. લાલ નેત્રોવાળા માણસને સ્ત્રી કદી છોડતી નથી. સુવર્ણ જેવા પીળા નેત્રોવાળા માણસને ધન કદી છોડતું નથી. લાંબા હાથવાળા માણસને ઐશ્વર્ય (મોટાપણું) કદી છોડતું નથી. જેનું આખું શરીર હૃષ્ટપુષ્ટ હોય તેને સુખ કદી છોડતું નથી.

૧૮. જેની આંખો ચીકાશવાળી હોય તે સારા ભાગ્યવાળો હોય છે. જેના દાંત ચીકાશવાળા હોય તેને હંમેશાં ભોજન મળે છે. જેનું આખું શરીર કાંતિવાળું હોય તે હંમેશાં સુખી હોય છે. જેના પગ કાંતિવાળા હોય તેને હંમેશાં વાહન મળે છે.

૧૯. જેની છાતી વિશાળ હોય તે ધનધાન્યનો ભોગી હોય છે. જેનું મસ્તક વિશાળ હોય તે શ્રેષ્ઠ રાજા થાય છે. જેની કેડ વિશાળ હોય તે બહુ પત્ની અને બહુ પુત્રોવાળો થાય છે. જેના પગ વિશાળ હોય તે હંમેશાં સુખી થાય છે.

**— કલ્પસૂત્રના આધારે**

## દિવસ, રાત અને પહોર

૧. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયને **'દિવસ'** કહેવાય છે.

૨. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીના સમયને **'રાત'** કહેવાય છે.

૩. દિવસ કે રાત્રિના ચોથા ભાગને **'પહોર'** કહેવાય છે.

